તા. ૦૯. ૧૨. ૨૦૨૩

ગુજરાત સમાચાર, (ગાંધીનગર), પાના નં. ૦૧

અનુસંધાન નં. ૦૩

**મુખ્યમંત્રી દ્વારા રૂટ ઉપર ચાલી રહેલી કામગીરીની સમીક્ષા**

# મોટેરાથી ગાંધીનગર સુધી મેટ્રો રેલનો એપ્રિલ મહિનામાં ટ્રાયલ રન

ગાંધીનગર,શુક્રવાર

મેટ્રો રેલના ફેઝ ૨માં ગાંધીનગરનો સમાવેશ કરવામાં આવ્યો છે ત્યારે મોટેરાથી ગાંધીનગર સુધી મેટ્રો રેલની કામગીરી ચાલી રહી છે અને તેનો ટ્રાયલ રન એપ્રિલ મહિનામાં યોજવાનો છે ત્યારે મુખ્યમંત્રી દ્વારા આજે સમગ્ર કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી અને અધિકારીઓને સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરી મેટ્રો ટ્રેન દોડતી કરવા સૂચના આપી હતી.

## ટ્રાયલ રન બાદ એક મહિનામાં મેટ્રો દોડતી થશે : સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા માટે અધિકારીઓને તાકિદ

આમ તો વર્ષ ૨૦૦૫માં મેટ્રો રેલનો પાયો ગાંધીનગરના ચ-૦ સર્કલ ઉપર નાખવામાં આવ્યો હતો અને ફેઝ વનમાં જ ગાંધીનગર અમદાવાદ વચ્ચે ટ્રેન દોડતી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો પરંતુ ત્યારબાદ તેમાં ફેરબદલ કરીને સૌ પ્રથમ અમદાવાદ અને ત્યારબાદ ફેઝ ટુમાં ગાંધીનગર અમદાવાદ વચ્ચે ટ્રેન શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેના પગલે હવે મોટીરાથી ગાંધીનગર સુધી મેટ્રો રેલની કામગીરી ચાલી રહી છે. એપ્રિલ મહિના સુધીમાં ટ્રાયલ રન કરી દેવા માટે મથામણ શરૂ કરવામાં આવી છે. જેને લઇ હાલ આ રૂટ ઉપર યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે ત્યારે આજે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મેટ્રો રેલ ફેઝ-૨ મોટેરાથી ગાંધીનગર ના રૂટ પર સી -૨ પ્રોજેક્ટના ૬.૫ કિલોમીટર માર્ગ પર રેલ્વે રૂટ અને સ્ટેશનની ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. તેમની સાથે મુખ્ય સચિવ રાજકુમાર, મુખ્ય મંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે. કૈલાસનાથન, મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા અને મેટ્રો રેલ કોર્પોરેશનના ચેરમેન તથા

(અનુસંધાન ત્રીજા પાને)

## મોટેરાથી

(પહેલા પાનાનું ચાલુ)

મુખ્યમંત્રીના સલાહકાર એસ એસ રાઠોર પણ આ મુલાકાતમાં મુખ્યમંત્રીની સાથે જોડાયા હતા. ભૂપેન્દ્ર પટેલે આ રૂટ પરના ભાઇજીપુરાથી ચ-૨ સુધીના ધોળાકુવા, રાંદેસણ, ગિફ્ટ સિટી સહિતના વિસ્તારોમાં થઈ રહેલી નિર્માણ કામગીરીની પ્રગતિનું સ્થળ મુલાકાત લઇને નિરિક્ષણ કર્યું હતું. ત્યારબાદ વિસતથી નર્મદા કેનાલ થઈને કોબા સર્કલના રૂટની પણ મુલાકાત લીધી હતી અને ટેકનિકલ વિગતો મેળવી હતી. તેમણે મેટ્રો રેલના ટ્રેક તૈયાર કરવા માટે બનાવાયેલા યાર્ડની પણ મુલાકાત લીધી હતી. આ તમામ કામગીરી પૂર્ણ કરીને ટ્રેક સહિતની તમામ કામગીરી માર્ચના અંત સુધીમાં પુરી કરી દેવાનો લક્ષ્યાંક છે. જેથી આ રૂટ પર એપ્રિલ ૨૦૨૪ સુધીમાં ટ્રાયલ રન શરૂ કરી દેવામાં આવશે. ટ્રાયલ રન બાદ એકાદ મહિનામાં મેટ્રો રેલ અમદાવાદ-ગાંધીનગર વચ્ચે દોડતી થઇ જશે.